# અનંત અખાડો

રચનાર : પીર હસન કબીરદીન

: પ્રકાશક :

ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા, મુંબઇ.

## વિષય : ઇલાહી નૂર

આશાજી ચડલા સુરજ તે કેમ છિપે,
એમહી વિચારો લોકાજી,
જીવ પિંડ જેણે ત્રિલોક સીરજ્યા,
સો કેમ દુજા હોવે.... અલી...

આશાજી ખણુ માંહે સ્રુષ્ટી સીરજી ઉપાવો,
અને ખણુ માંહે દૂર ચૂકાવોજી,
તારો અંત ન જાણે કોઇ,
કરે કિરતાર સો હોઇ... અલી...

આશાજી તેરે અંતકો અંત તુંહીજ જાણે,
હમથી બાર ઊઠાયો નવ જાયજી,
તમકું હમકું જે જીવ જાણે,
તે જીવ સરવે અનંત લિખાયે.... અલી...

આશાજી હમકું તમકું જે જીવ જાણે,
અને પીરશાહ જાપ જપશેજી,
સોહી જીવ અણુંત માંહે લિખાયા,
અવર સો મૂરખે જનમ ગમાયા.... અલી...

આશાજી ઊઠ કરોડ રોમ રાઇ કહીએ.
કહીએ તે શાહાની વાડીજી,
રોમે રોમે સામીજી રહેશે,
કરે બંદાની સાર.... અલી....

આશાજી નવ નાડ બંદાની જાણો,
તે પણ શાહજીને હાથજી,
એક નાડ જો બંધજ રહેશે,
તો કબઇ ન હોવે સાર.... અલી....

આશાજી કાયા વાડી મોરે શાહજીએ કીધી,
અને કીધી તે આપોઆઇ આપજી,
અમને તમને સામીરાજે સીરજયા,
વે માંહે દુજા કોઇ નવ જાણે.... અલી ..

આશાજી ઉપત ખપતાહી નજરજ કરના,
એ બી ખેલ તમારાજી,
સરવે રચના તેરે નજરે હુઇ,
હમ બી તેરા દાસ.... અલી...

આશાજી કાએમ કુદરતી સેન રચાવે,
કુદરતી સેન ચલાવેજી,
એના કેરો અંત એહીજ જાણે,
આપે કરે ઇલાહી.... અલી...

આશાજી દસ આસમાન તો આપે કીધા,
દસે આપ સમાર્યા જી,
દસ આસમાન માંહે રમીજ રહયા,
તે કીધા ખેલ સંપૂર્ણ.... અલી....

આશાજી ખણુમાં તારે ખણુ નર નીપના,
નરે નૂર વસાયા જી,
તે જીવ થકી નરજી નીપાયા,
સો સામી જલપાણી.... અલી...

# વિષય : રિસાલત

આશાજી સવા લાખ પીર પયગમ્બર આવે,
તે માંહે એક સરદારજી,
તીસ સિર એક છત્રજ હોશે,
હોશે તે શાહજીકે પાસ.... અલી...

આશાજી મસીત માંહે જાઇ બાંગજ દેશે,
ઉન્કે દિલ માંહે એસાજી,
રસુલ વિના જો નિમાઝ ગુઝારે,
તે વેલા હોસે અંધેરા.... અલી....

આશાજી કલમા પઢે ને દીન પુકારે,
દિલ માંહે નહીં હૈ સામીજી,
દિલ પાકે જો કલમાં પઢશે,
હોશે તે સરગ દુવાર... અલી....

આશાજી કલપ જુગથી કલજુગ મોટો,
જે માંહે નબી મુહંમ્મદ આયાજી,
જીવુંને ઘેર વધામણા હોશે,
હોશે તે દીનની વાટ.... અલી....

આશાજી નબી ચાલે નૂરજ વરસે,
રિખીસરને સીર છાંયજી,
આગલ સહુ ફિરસ્તા ચાલે,
હોશે તે હુશિયારી.... અલી....

આશાજી નબી આવે નૂરજ વરસે,
દીન હુઆ રહેમાનજી,
કરણી કમાવો તો એવા ઘર પામો,
પામો સરગ માંહે વાસ... અલી...

★ ★ ★

## વિષય : ઇમામત

આશાજી સતીઆની સત શાહ ઇસ્લામશાહ રાખે,
સિરે વો સોહી નરજી,
એણે ઠામે જે નર બેસે,
તેને ધીઆવો ગતીઊ લોકાં.... અલી...

આશાજી જંબુદ્વિપે શાહ તખત રચાવે,
નૂર નબી ત્યાં આવેજી,
સેંતરદ્વિપ એરાક ખંડ માંહે,
કરશે નર વધાઇ યું જી.... અલી....

આશાજી અલી રૂપે શાહ રાજ રચાવે,
આરબી રૂપે અલી બેસેજી,
સાચ જુઠના નિવેડા કરશે,
કરશે તે જંબુદ્વિપ માંહે.... અલી....

આશાજી ચઉદ લોકથી ચાલી આવ્યા,
આવ્યા તે ઇ નર અવતારજી,
ઇ નર મેલીને દુજાને ધીઆવે,
તે જીવ નરગે જાશે.... અલી....

આશાજી આલ ઇમામ અલીજી આવ્યા,
સોહી આજ કલજુગ માંહે બેઠાજી,
અવતારે અવતારે આલ લીખાણી,
સો કેમ દુજા હોએ.... અલી....

આશાજી કલજુગ માંહે જે ખોટા થાશે,
તે દઇત દાણુવ કેરી જોડજી,
નરને આલે જે કોઇ હોશે,
તે સોલ કલાસું જાણો.... અલી...

આશાજી કલજુગ માંહે નર પરતક બેઠા,
તે પછમ દીસે જાણોજી,
જેણે સુન્યાતા તેણે વર પાયા,
અવર તે મૂરખ કહેવાય.... અલી....

આશાજી આલ અલી પયગમ્બર ચાલી આવ્યા,
આવ્યા તે નબીજીની જોડજી,
નબી થકી સરવે આલજ ચાલી,
રહેમ રાય સુલતાન.... અલી...

આશાજી સહુ જુગથી કલજુગ ઉત્તમ,
તે માંહે નરજી બેઠાજી,
નબી નૂર આ જુગ માંહે આવ્યા,
આવ્યા આદ અવતાર.... અલી....

આશાજી નર અવતારે નરજી આવ્યા,
ગુર અવતારે ગુર સોહી હોવેજી,
માણુસ ફેરી શાહ મોમન કરશે,
શાહને કરતાં ન લાગે વાર.... અલી....

આશાજી નજર નીરમલ નરજીએ કીધા,
તે નરજીએ નજર કીઆજી,
ખેલ તમારા કોઇ નવ જાણે,
જો ક રી એ સો હો ઇ.... અલી...

આશાજી જીવને કારણુ અવતારજ લીધા,
લી ધા તે ચા રે જુ ગ જી,
જીવને કારણુ નરજી આવ્યા,
ગુ ર ને લા વ્યા સા થ ... અલી...

આશાજી પાતાલ તણી સુધ જે જાણે,
સોહી ધણી ઈયાં આયાજી,
પૃથ્વીના જેણે બંધજ બાંધ્યા,
સો ન ર આ પે બે ઠા.... અલી...

આશાજી શાહ ઇસ્લામશાહ તખ્તેજ બેઠા,
ક રે દી ન કા કા મ જી,
ઇસ નર કારણુ મેં સબ જુગ ઢુંઢ્યા,
પાયા એણે ઠામ... અલી....

આશાજી હસનાપુરી માંહે તખતેજ બેઠા,
કેણે તીયાં ન જાણ્યા જી,
સતગુર પીર સદરદીન પોતા,
તેણે કીધા નેહાર.... અલી...

આશાજી સરગ ભમણુ દોએ એકઠા રહેશે.
અને સરગ માંહે વાધાયું જી,
દસમેં આસમાનેથી નરજી આવ્યા,
આવ્યા તે આપોહી આપ.... અલી....

આશાજી દીન રચાવી રચના કીધી,
કીયા હેં દીન કીરતારજી,
રસુલથી જો આલજ ચાલી,
તે અલી કેરો પરિવાર.... અલી....

આશાજી આલ નબીની જુગ માંહે આવી,
તીનકું પુરા સિરેવો જી,
આગલ વેલા દોએલી આવે,
તે માંહે ન રહેવે ચિંત.... અલી....

આશાજી કરતાર વેલામાંહે અમર આવ્યા,
તીનકું વિચારી ચાલો જી,
ઇમામ પાત્ર જે કોઇ આવે,
તીનકું સહી કરી માનો.... અલી...

(૨૬)

આશાજી પાંચે પદમને બાર કલાસું;
ઉ ગી ન ર જી બે ઠા જી,
કાયમ ખેલ તે આપે રચાવે,
ક ર શે સો હી સા ર.... અલી...

## વિષય : શનાખત

આશાજી ફગતા પૈચા કરસન સેતા,
ચોવરણા જુગ હુવાજી,
અવર રંગ તેરા બહુ છાજે,
ઇસ મેંથી ચાર સુન્યાતા... અલી....

આશાજી પરવ સંપૂરણ સાહેબે થાપિયા,
અજ સો માહાદિન આયાજી,
જેણે સુન્યાતા તેણે વર પાયા,
અંધલે જનમ હરાયા.... અલી...

આશાજી પરવ સંપૂરણ સાહેબે થાપિયા,
પીર હસન શાહ તતવ વિચારિયાજી,
જેણે સુન્યાતા તેણે વર પાયા,
ભેટિયા તંતવ દીદાર.... અલી...

આશાજી કેતા કલપ ને કેતા જુગ,
તીસ માંહે ગુર તુંહી હુઆજી,
અણુતનો ગુર તે તમને જાણું,
સોહી આજ તમને પીછાણું.... અલી....

આશાજી ગુરનર ભાંખી ગિનાન સુણાયા,
દીયા તે રિખીસરને હાથજી,
રિખીસર તે જે ગિનાનજ જાણે,
તે બેસે શાહ પીરકે પાસ.... અલી....

આશાજી ખરી રચના ખરા ખરી રાખો,
સાચે મારગે ચાલો જી,
ગુરનર બેઇ એક કરી જાણો,
તો કરણી ગુરજી કમાઇ... અલી....

આશાજી નૂરના પગલાં જાહેર દીઠાં,
બેઠા તે કહેકને દુવારજી,
તે નર દેખી જે જીવ ભૂલા,
તે પડશે દોઝખ માંહે.... અલી....

આશાજી હિન્દુ મુસલમાન સરવે એકઠા,
તે રૂપ કર્યા રહેમાનજી,
સહુ કોઇ ઇયાં એસા જાણે,
પણ ઓળખ્યા વિના અંધારા.... અલી....

આશાજી કલજુગના સતી જીવડા ચાલશે,
તેને શિર છત્ર શાહ મોરા દેશેજી,
છત્રથી જે દુરજ રહેશે,
તેનો જનમ ગયો રંડાઇ.... અલી...

આશાજી નર ને ગુર તો એક કરી જાણો,
નહીં હે દુજા કોઇજી,
તપ કારણ સતગુરજી આવ્યા,
તે આવ્યા જુગ માંહે જાણુ.... અલી...

આશાજી તપ કરી ગુરે નરને બેસાડયા,
બેસાડયા તે માનખા અવતારજી,
કોલ લઇ ગુરે મોમન કીધા,
કીધા તે સરગ દુવાર.... અલી....

આશાજી ચંદ્ર સૂરજ સાહેબે સીરજયા,
જોત દીઆ રહેમાનજી,
પીરશાહનુ રૂપ તેજ પીછાણો,
કરો તે દિલ માંહે જાણુ.... અલી....

આશાજી ગત જુમલા સરવે આવ્યા,
કીધી ગુરે વાધાયુજી,
એ મારગ ગુરે ચલાયા,
પરતક શાહ દીખલાયા.... અલી....

આશાજી પંથ મારગ ગુરે ચલાયા,
પરતક શાહ દીખલાયાજી,
સોહી શાહ ઇસ્લામશાહ જાણો,
સોહી કહેક માંહે બેઠા... અલી....

આશાજી સોહી ગુર બાર કરોડસું પોહોતા,
પોહોતા સરગ દુવારેજી,
ધનધન કરણી રિખીસર તણી,
જેને ભેટિયા અલી અવતાર.... અલી....

આશાજી ઓખી જીવ ગુરે રિખીસર કીધા,
રિખીસર જીવ સોહીજી,
અમર ભોમ અમરાપુરી પોહોતા,
તે શાહને હાથોઇ હાથ.... અલી...

આશાજી હમહી સુન્યાતા હમે નર પાયા,
મોમનેકું ભેદ બતાયાજી,
પંથ મારગ સતના આલ્યા,
આલ્યા અથર વેદ.... અલી....

આશાજી કલજુગ માંહે કહીં પાખંડ થાશે,
થાશે તે ખોટા ખોટજી,
એ તખતે જે નર બેસે,
તેને સિરેવો મોરાભાઇ.... અલી....

આશાજી રસ કસ સરવે મેલી દેજો,
લેજો ગુરનું ગિનાનજી,
પોતાનો નર પરતક વિનવો,
જ્યાં થી પામો દીદાર.... અલી....

# વિષય : સતપંથ

આશાજી ધરમ જુગ કીરતાર રચશે,
અને પાપને દૂર ચૂકાવેજી,
અમે હીજરી સાહેબ કેરા,
દુવારે શાહ સદાયા.... અલી...

આશાજી અમે સુન્યાતા અમે વર પાયા,
રિખીસરોને ભેદ બતાયાજી,
સાંભળો રિખીસરો તમે ગિનાન વિચારો,
ચાલો સત ધરમે... અલી...

આશાજી સતપંથ સોળ કળાસું જાણો,
ઊગ્યો તે સૂરજ કહેવાય,
કૂડા વાદળા જ્યારે આડા આવે,
ત્યારે રહેશે સૂરજ ઢંકાઇ... અલી....

આશાજી સતપંથ સાચો ને રિખીસર ખોટા,
અને હોશે તે ખોટાને ખોટજી,
ઉસથી સૂરજ છીપી કરી ચાલે,
તે અંધલે જનમ ગમાયા.... અલી....

આશાજી દુનિયા કારણુ શાહ દીનજ કીધા,
તે કોઇ કોઇ જીવે ચેત્યાજી,
અબકા ભૂલા કોઇ ઠામ ન પોહોંચે,
જાશે તે નરગ દુવાર.... અલી....

આશાજી તે માંહેથી સતપંથ દીધા,
દીધા તે દીદારજી,
સતપંથ માંહે જે જીવ નહી ચેત્યા,
તે જાશે નરગ દુવાર.... અલી....

આશાજી સરવે માંહે સાચો સતપંથ કીધો,
કીધો તે સદા ઉતમજી,
સતપંથ માંહેથી જે જીવ ભૂલા,
તેનું નહીં કોઇ ઠામ.... અલી....

આશાજી ધરમ જુગ કીરતાર રચશે,
અને પાપને દૂર ચૂકાવેજી,
સતજુગ કેરી વાતજ કહેવી,
સતીયે સત ચલાયા.... અલી....

આશાજી સતપંથ એહી સદા ઉત્તમ,
સોહી અમે પાયાજી,
અમારા જીવ અમે ઓળખીને પાયા,
દીધા તેને ગુર ગિનાન.... અલી....

આશાજી ધરમ મારગ આપણો રાખો,
કેને નહીં તમે ખંડોજી,
આગળ જાતાં સહુ મળશે,
મળશે તે શાહને દુવાર.... અલી....

આશાજી સાધનો મારગ છાનો ધરમ,
અને છાનું હેતજ રાખોજી,
આગળ જાતાં જાહેર થાએસે,
તારે મૂરખ હાથ ઘસાયે.... અલી...

આશાજી હાથ ઘસંતા હાઠ નિસરસો,
જેણે પંથકી સુધ નવ પાઇજી,
વેળા હતી તે વહી કરી ચાલી,
હવે રહયા હાથજ ખાલી.... અલી....

આશાજી જુગ પરમાણે પંથ રચાયા,
ભેદ કેણે કેણે પાયાજી,
ભેદ છોડી જે જીવ અભેદે ચાલે,
તે જીવ પડશે જંજાળ... અલી....

આશાજી જાહેર ઉત્તમ એ પંથ ઉપના,
નરને જે નહિ જાણેજી,
સોહી જીવ જંજાલે પડશે,
સોહી જીવ પત્થર તોલ... અલી....

આશાજી મારગ વસમો વાટજ દોહેલી,
તીસ માંહે મુનિવર ચાલોજી,
ખરાં મારગ માંહે ખરાજ ચાલો,
તો પોહોંચો શાહને દુવાર.... અલી...

આશાજી હેત કરી એ પંથજ કીધા,
તે પંથે પંથ સમાણાજી,
ચઉદ ભમણુકી રચના કીધી,
તેને તો કોઇ નવ જાણે... અલી...

આશાજી ધરમ લીધા તો સનમુખ ચાલો,
પાછી ખોટ મ રાખોજી,
સરગ મિરત પઇયારજ મળશે,
તે માંહે સાંખજ જાશે... અલી...

આશાજી ચિત માંહે ચેતીને મનને મારો,
કરો અલ્લાહકી આશજી,
દીન અમારો હાએમ જાણો,
બીજા સરવે ખોટા... અલી...

આશાજી મારગ ચોખો મેલા કીજે,
વાટ સુવાટે ચાલોજી,
સુરિનર કેરો જાપ કરશો,
તો પોહાંચો ગુરનરને ઠામ... અલી ...

## વિષય : ઇશ્ક – ઇમાન

આશાજી મન થિર રાખો ધરમે ચાલો,
કરો ગુરસું પ્યારજી,
કાલે કાયા પડી ગલી જાશે,
હોશે પલત્ર ખુઆર... અલી....

આશાજી એવા રિખીસર કોઇ કોઇ હોશે,
અને હોશે તે વીરલા કોઇજી,
તે રિખીસર ઘેર વધાઇસું હોશે,
અને પોંચશે તે જંપુદિપે... અલી...

આશાજી કલા સરવે કલ માહે બેઠા,
દુનિયામાં કલા ન જાણે કોઇજી,
ખોટી કલા માંહે ચેતી કરી ચાલો,
રાખો પૂરો ઇમાન... અલી....

આશાજી માણુક મોતી ગિનાન વિચારો,
ધરો શાહસું પ્યારજી,
હેત થકી તમે હેતજ રાખો,
કરો મન મુરાદ... અલી....

આચાજી એવા નર આજ જ બેઠા,
તાસું પ્રીતજ રાખોજી,
પ્રીત રાખી તમે હેતસું ચાલો,
તો પામો સરગ દુવાર... અલી....

# વિષય : ન્યામત

આશાજી જીયાં જેમ માંગો તીયાં તેમ વરસે,
સતગુર ઘેર આનંદજી,
ઘેર રિખીસરને વાધામણા હોએસે,
ત્રુઠો અલી વર દાતાર... અલી....

આશાજી શાહ ઇસ્લામશાહ મહેરજ કીધી,
હાથીણું દઇને ઉગાર્યાજી,
અમને તમને જે જીવ જાણે,
સોહી જીવ અમ ઘેર આવે... અલી....

આશાજી વધાઇયું તણા એવા ફલ પામો,
પામો ગુરને હાથેજી,
દીદાર દેવા અમ ઘર આવે,
મહેર હુઇ મહેરબાની... અલી....

આશાજી ફલ દેતા ફલ સહુ કોઇ પામે,
કમાઇ તણા ફલ લેશોજી,
ભમર પલંગ ઢોલીઆ લેશો,
લેશો લેવણહાર... અલી...

આશાજી ખાન મલેક સરવે ઊભા,
ઊભા કરે સલામજી,
નજરે દેખતા એવા ફૂલ લેશો,
લેશો શાહને હાથ... અલી....

આશાજી એવા સેન માંહેજ તો આવો,
જો તમે સતે ચાલોજી,
મનગમતા તમે ફૂલજ લેશો,
લેશો શાહને હાથ... અલી...

★ ★
★

## વિષય : પીરોની તવારીખ

આશાજી અજકલ વારે બાર કરોડ,
તે સતગુર સદરદીન સાથેજી,
જો જાણો તો મેલા મીલાવો,
તો ગિનાન વિચારીને ચાલો... અલી...

આશાજી છ માસ છ દિન પૂરા થયા,
તબ તમે મહેરજ લાઇજી,
નવ છુગાની પાઘ બનાઇ,
તે સીર લખીયા નામ ઇલાહી... અલી....

આશાજી લીલા આકડા અમેજ દોયા,
અને નીલી બેસ બનાઇજી,
તીસ માંહેથી રૂ નીકાલી,
તીસકી પાઘ બનાઇ... અલી....

આશાજી ત્રકલી ઉપર સુત્રજ કાંતિયા,
અને દીન હુઆ રહેમાનજી,
અરજ બંદગી ઉસ માંહે કીધી,
સોહી તમે હ્રદય માંહે આણો... અલી....

આશાજી ઊંચ મુલકથી પીયાણા કીધા,
બએઠ રહ્યા ઉસ ઠામજી,
નજર મહેરકી જબ હુઇ,
હુઇ સો આપોઇ આપ... અલી....

આશાજી સીરબંધ લઇને જયારે આપવા ચાલ્યા,
કીયા સો આપોહી આપજી,
સીરબંધ લઇ જબ કહેક માંહે પોતા,
તબ ભેટિયા દીન રહેમાન... અલી...

આશાજી છ માસ છ દિન પૂરા હુઆ,
તબ લોઢાની ભીંત ટલાઇજી,
પીર સદરદીન સામા જાઇ ઊભા,
હુવા સો સન્મુખ આપ.... અલી....

આશાજી શાહ ઇસ્લામશાહ તખતેજ બેઠા,
તારે દીન હુઆ રહેમાનજી,
સીરબંધ લઇ ગુરને મુસ્તક દીધા,
તારે સીર નાગા કરી નરજી બેઠા... અલી...

આશાજી સીરબંધ લઇને કાઢિયો છેડો,
અને દીયા તે હાથોઇ હાથજી,
છેડો લઇ જયારે હાથ માંહે દીધો,
તારે અનંતકો હુઓ પરિયાણુ... અલી...

આશાજી તખતે બેઠા સીરબંધ બાંધી,
તારે મોમન મલિયા અપારજી,
પીર સદરદીન સામા જઇ બેઠા,
બેઠા કરે સુકરાના.... અલી...

આશાજી નવ છુગાની પાગજ બાંધી,
સીરબંધ બાંધિયો સુલતાનજી,
પાંચસો ગજ નવ છુગાજ હુઆ,
હુઆ સો પૂરા પરિયાણુ.... અલી..

આશાજી પીર સદરદીન ઊઠી કરી આવ્યા,
આવ્યા તે ગુર હસન શાહકે પાસજી,
ધન ધન કરણી ગુરજી તમારી,
ધન સો (રખીસર જાણુયો.... અલી...

આશાજી સીરબંધ બાંધી સુજહેમે આયા,
તારે દીન હુવા રહેમાનજી,
અણુત કરોડનું ભારજ મોટો,
તે હમથી ઊઠાયો નવ જાય... અલી...

આશાજી સરગ મરત પઈયારજ સવેં,
સીરબંધ હુવા સીર ભારીજી,
કીડી માંકોડી સરવે કુછ આવ્યા,
તારે ભાર હુવા સીર ભારી... અલી....

આશાજી હસન આલ હુસેની આયા,
સોહી હસન શાહ જાણોજી,
પીર હસન કબીરદીન નામ પીછાણો,
આલ ઇમામ પરિવાર... અલી...

આશાજી દઇ આશિષ કરી મહેરબાની,
પીર સદરદીન ચાલ્યાજી,
સરગ ભમણ માંહે વાસા કીના,
તો બાર કરોડ જીવ સાથે... અલી...

આશાજી ગુર અવતારે બહુ ગુર આવ્યા,
તે માંહે અલીવર જાણોજી,
ગુર હસનશાહને વરજ આપ્યા,
આપ્યા તે અનંતનું જાણો... અલી...

આશાજી દીન દુનિયા માંહે ગુરજી કહીએ,
કહીએ તે પીર હસન કબીરદીન તેનું નામજી,
વારે કેરો પુરખ સિરેવો,
કરિયો મન આનંદ.... અલી...

આશાજી અમને સોહી ગુર પીર કરી થાપીઆ,
તારે તે એક જીવ કરી દીઠાજી,
નાના મોટા સરવે એકજ દીઠા,
નહી કોઇ હીણાં ન ખીણાં.. અલી...

આશાજી અમેજ નાના ઘર માંહે રેહેતા,
ગુર મોટા ત્યાંથી આલ્યાજી,
હમ હમારા તપ માંહે બેઠા,
મહેર કરોં મોરા સામી... અલી...

આશાજી બાલક બોલ નાના બોલે,
રહેવે તે ઘેર દુવારજી,
ગુર મોટા તે દુવારજ પોતા,
પોતા જઇ નિરવાણુ... અલી....

આશાજી આગલ જાતાં મારગ ન પાયા,
રહયા તે કહેકને બહારજી,
સરવે જુમલા ત્યાં કને રહયા.
રહયા તે કહેકને બહાર... અલી...

આશાજી છ માસ લગણુ તપજ કીધા,
તિયાં લગણુ પાગ બનાઇજી,
ગજ ગજ પ્રમાણે સફાયતજ લખ્યા,
લખ્યા તે શાહને ફરમાન... અલી...

આશાજી મહેર કરી તમે અનંતને લાવ્યા,
અને લાવ્યા તે અપણે હુજુરજી,
અનંતકો વર તારે અમને આલ્યો,
આલ્યો તે અલી અવતાર.... અલી....

આશાજી ત્યાંથી પીર આપ સધાર્યા,
અને સધાર્યા તે નર સનમુખજી,
ઊંચ મુલકથી મહેરજ કીધી,
કીધી તે આપોહી આપ... અલી...

આશાજી બાર માસે નરજી આવ્યા,
આવ્યા તે કોલ કરારજી,
કોલ કરી ગુર પાછા આવ્યા,
પોહોતા ઊંચજ માંહે.... અલી...

આશાજી અલી થકી બહુ ચેનજ ચાલ્યા,
સો સતગુર નૂરજ પાયાજી,
સાલેહદીન પૂરા કહીએ,
હુઆ દીન રહેમાન... અલી....

આશાજી શમસ કેરો દીન પીછાણ્યો,
ચઉદસ તેને પાયાજી,
સુરજ મંગાવી જોત દેખાડી,
નર સોહી અવતાર... અલી....

આશાજી કરણી કારણુ ખાલ ઉતારી,
પરતક પીર પરમાણ્યુંયાજી,
મૂવા જીવતા જે નર કરે,
કરણી બિના નહીં હોય... અલી...

આશાજી નસીરદીન એવા બુઝુર્ગ કહીએ,
કંઇ જીવોને તાર્યાજી,
તીસકી આલ સાહેબદીન હુઆ,
કીઆ સો દીન રહેમાન... અલી...

આશાજી સાહેબદીન ગરીબ વેશે,
ફકીરી પૂરી રાખીજી,
સુફલ તેણે દસોંદ જ દીધી,
તે પાયા દીન રહેમાન.... અલી....

આશાજી પીર સદરદીન બુઝરગ કહીએ,
સો બાર કરોડીના ધણીજી,
કલજુગ માંહે જીવડા તાર્યા,
સાચી દસોંદ આલી.... અલી....

આશાજી પીર હસન કબીરદીન ગરીબ બંદા,
હોતા સાહેબજીને શરણેજી,
અણુત કરોડીએ ગુરજી આવ્યા,
કરવા જીવુંના કામ... અલી....

આશાજી આલ સદરદીન પીર હસન કબીરદીન,
કહે સોહી ગિનાનજી,
હમતમ સરવે દસોંદ દેવે,
તો પહોંચીએ શાહને દુવાર... અલી...

આશાજી આલ હમારી જુગ માંહે જાણો,
અઢાર ફરજંદ પૂરાજી,
તેઓને તમે અમારા જાણો,
પણ શ્રેવો ન સતગુર જાણી... અલી....

આશાજી જીવ કારણ અવતાર લીધા,
કલ માંહે અમે આવ્યાજી,
તપ કરી અમે નરને લાધા,
માંગ્યા ધરમ દુવાર... અલી....

## વિષય : ફરમાનબરદારી

આશાજી સવા લાખ કલજુગ માંહે ભોગવે,
પછી અમરાપૂરી પહોંચેજી,
અમર માનિયા તે અમરાપૂરી પહોતા,
તે દીદારી શાહના સહાય... અલી...

આશાજી ધરમ મેલી જો અધરમે ચાલે,
ને મન માંહે નવ ચેતેજી,
ગિનાન શાસ્ત્ર સાંભળી ન ચાલે,
ચાલે તે કૂડે કામ... અલી...

આશાજી ફરમાની જીવ બહુ મલશે,
હુરાંઉ તેની હજુરજી,
અમીના પ્યાલા હાથે દેશે,
રિખીસરને ઘેર વધાઇયું.... અલી...

આશાજી છત્રીસ જુગ ગુરે બંદગી કીધી,
નરને ખરા કરી માન્યાજી,
ફરમાન થકી એ ફલજ પાયા,
તે બેઠા નરને પાસ... અલી...

આશાજી જીવ કારણુ મન માંહે જાણો,
કરો ગુર વધાઈયુંજી,
ગુર ગિનાને જે જીવ ચાલે,
તે આવશે અમારે પાસ... અલી...

આશાજી સાંભળો મોમનો ગુરજી કહે છે,
પીર હસન કબીરદીન તેનું નામજી,
ગુર વચને તે મોમન ચાલ્યા,
તે નામ રહયા રહેમાન.... અલી...

આશાજી ગુરના કહીઆ જે જીવ ન કરશે,
ત થાશે દાણુવાને જોડજી,
જાતે દહાડે ખોટા પડશે,
તે જાશે ઘોર અંધાર... અલી....

આશાજી પુનવંત કાયા પુન રચાવો,
પુને પુન લીખાણુજી,
વચન અમારા સાચા થાશે,
ચાલશે જુગાજુગ વાત... અલી....

## વિષય : ગતનો મહિમા

આશાજી મુનિવર થઈ ધરમસરા નહીં આવે,
અને ગત માંહે હાલ ન ગુજારેજી,
હાથ પગ તેના વાઢી નાંખશે,
તે બહોત કરશે પુકાર... અલી....

આશાજી તીલ ધરમ ને હસતી પાપ,
સોહી ગત ઉતારેજી,
ગતના વચન તે નરજી માને,
તે માહાદન માંહે નહીં પૂછાયે .. અલી...

આશાજી સત સેથી જે ગત માંહે આવે,
ગતનું મેલો સોહીજી,
પાપ ઉતરાવી પાછા નહીં કરે,
સોહી જીવ હમ તમકું પ્યારા... અલી....

આશાજી ગિનાન વિચારી તમે ચાલો,
કરો ગુરજીસું હાલજી,
જોત જગાડી જુમલો બેઠા,
હોશે જેજેકાર.... અલી....

આશાજી પાંચ મીલીને વીમરસ કીજે.
ફરજો અલીસું હેતજી,
વેર થકી તમે ધરમસરા આવો,
ધરમી ધરમ ચલાવો... અલી...

## વિષય : દુઆ-બંદગી

આશાજી કલજુગ પાપી મધમજ ઉપનું,
તે માંહે જીવડા છુટાજી,
પીર સદરદીન બંદગી કીધી,
તારે બાર કરોડ જીવ છુટા.... અલી....

આશાજી બાકી કલ માંહે છાશજ રહી,
તે આવી અમારે હાથજી,
દાડા ચડતે બીણુસી જાશે,
તે માંહેથી કોણુ જીવ આવે... અલી...

આશાજી કલજુગ પૂરો બરાબર વએસે,
તપે તે કોઇ નહીં જાગેજી,
પાપ કરી જ્યારે હમ પાસે આવે,
તો તપે સોહી જીવ છોડાવે... અલી....

આશાજી અમે ઉણિયાચારી બહુ ઘર પામ્યા,
ઘર દીઠે ઘર આવ્યાજી,
તપ વિના કોઇ મારગ ન પોતા,
હે પીર હસન કબીરદીન સાચ... અલી....

આશાજી ગુર કંથી કંથી ગિનાન સુણાયા,
મોમનેકું ચેતાયાજી,
કરો હુશિયારી ચિંતા રાખો,
ઝીકર કરો મોરા ભાઇ... અલી....

આશાજી પોતાના નર સાથે ચાલો,
કરો ઘણું ધીઆનજી,
ખટ ઘડી જ્યારે પાછલી રહેવે,
મોમન રાખો ધરમ આચાર.... અલી....

# વિષય : પાંચ બારી

આશાજી સંજા વેલા તમે મત કોઇ ચૂકો,
એ છે ગુરની એંધાણીજી,
એ વેલા તમને દીધી,
કીધી તે દીનની બારી.... અલી....

આશાજી બીજી વેલા એહીજ જાણો,
રાત ઘડી છ ગઇ જાણોજી,
તે તો બારી દરગાહ તણી,
ગુરથી થાઓ હુશિયાર.... અલી....

આશાજી ત્રીજી સંજા પાછલી જાણો,
ખટ ઘડી પરમાણોજી,
એ બારી સરગની ભણીએ,
લેવે ગુરને હાથ... અલી....

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે,
નીત નીત કરવી વધાઇજી,
ગુરનરસું નીત હેતજ રાખો,
તો પહોંચો સરગ દુવાર.... અલી....

આશાજી પાંચમી બારી હસોંદની કહીએ,
તે સહુથી મોટી જાણોજી,
તે માંહે તમે રહો હુશિયાર,
તો રહેશો ગુરનરને સાથ... અલી....

# વિષય : દસોંદ - સુકરીત

આશાજી દીઓ દસોંદ ને અલીને શ્રેવો,
તો મન કરિયો વધાઇયુંજી,
તો મહાદન તમને દોયેલા ન લાગે,
બેસો ગુરનરને પાસ... અલી...

આશાજી માનખા અવતાર ઉતમજ કીધા,
અને કીયા સો ઉતમજ કામજી,
દસોંદ વિના નીચા કહેવાશે,
તેની સાંખ ન પોતી આએ... અલી...

આશાજી થડ દસોંદ ને મૂળજ ધરમ,
ફલ તે મુનિવર જાણોજી,
હાલ વાયકે ગત માંહે ગુજારો,
તો પોહોંચે ગુરનરને હાથ... અલી...

આશાજી ધરમ રચાવે ધરમી સોહી,
ધરમી ધરમે રેહેવેજી,
સત સુકરીત સીદકે આપો,
તો પહોંચો સરગ દુવાર... અલી...

આશાજી ખરા ખોટાના પારખાં થાશે,
તમે મુનિવર ચેતીને ચાલોજી,
દસોંદ વિન મૂળ ઉખડીને જાશે,
જાશે તે ઘોર અંધાર... અલી...

આશાજી થૂડ મેલી જો ડાળકું ધીઆવે,
તે ડાળે ફૂલ શું ખાવેજી,
થૂડ સુકા તો ડાળ સુકી જાશે.
જાશે તે ઘોર અંધાર... અલી....

આશાજી કાયા કાચી મૂલ પકાવો,
તો દસોંદ તણું ફૂલ પામોજી,
ગુરનરને તમે લોભી મત જાણો,
એ છે સાર શરીર... અલી...

આશાજી સાર શરીરે શાહ ભરપૂર બેઠા,
કમી તો કુછ નાંહીજી,
પૂરી કમાઇના ફૂલજ પામો,
પામો તે માહાદન માંહે... અલી....

આશાજી સાર શરીર તો સાહેબ સિરજયા,
તેને લોભ નહીં લગારજી,
છુટવા કારણુ જીવુંને કહયું,
તે ગુરનર આપોહી આપ.... અલી....

આશાજી નમીઆ ખમીઆ ગુરજીને ભાવે,
અને દસોંદ નરજીનો આહારજી,
ધરમ નિયમ તેની વાડજ કહીએ,
ગુર કહે સો આપોહી આપ... અલી....

આશાજી ગુરગત ગંગા માંહે અમેજ બેઠા,
પરતક ગુરનર અવતારજી,
કમાવો જે તમારી રોજી,
તે માંહેથી દસોંદ આલો... અલી...

આશાજી દસોંદ દસમી પાંતી આલો,
દોશ મ રાખો ભારીજી,
અજકલ વારે દસમી પાંતી,
એમહી દસોંદ લીખાણી... અલી....

આશાજી નર અલીશાહ તખતેજ બેઠા,
તેને દસોંદ આલોજી,
દસોંદ દેવે તે સરગે જાવે,
અવર તે સરવે થોથા.... અલી....

આશાજી કલપ જુગ માંહે દસોંદજ હોતી,
અવર નહીં કુછ વિચારજી,
દસોંદ વિંના જે જીવ રહેશે,
તે ફેરા ફરે ચોધાર... અલી....

આશાજી મૂળ જાલીને મૂળને આરાધો,
તો મૂળ થકી તમે પામોજી,
કલપ જુગના તમે ગિનાન વિચારો,
તે મોમન રિદેહમાં ગિનાનજ આણો... અલી....

આશાજી દસોંદ ફળ દયાનું જાણો,
દિલ વિચારીને આલોજી,
દસોંદ ખાઇ જે મોમન હોશે,
તે હોશે દાણુવાની જોડ... અલી....

આશાજી ધંધો કરવા દુનિયા માંહે આવ્યા,
લેવા આપ દીદારજી,
નવ પાંતી તમે લઇને ચાલો,
દસમી નરજીને આલો... અલી...

આશાજી સુનકાલ માંહે તપના કહીએ,
તિયાં દસોંદ દેતાજી,
નૂર નર તો તારે એકલા રહેતા,
ત્યાંથી હુઇ દસોંદ.... અલી....

આશાજી સુનકાલ માંહેથી રચના કીધી,
તીસ દિન દસોંદ લિખાણીજી,
ગુર ગિનાન ભેદ વિચારો,
તો દસોંદ વિના નહીં છુટો... અલી....

આશાજી દસોંદ દેવે ને સીદકે રહેવે,
એહી મોમન સાચાજી,
આડો મારગ તેઓને નાંહી,
ને ભેટયા શાહના દીદાર... અલી...

આશાજી શાહના દીદાર તખતે બેઠશે,
તંયાં દસોંદનું પૂછેજી,
જબરાઇલ ત્યાં પૂછવાને આવે,
દસોંદ વિના સરવે જૂઠા... અલી...

આશાજી કિરિયા કીધી ને ધરમે ચાલ્યા,
સતી હુઆ અપારજી,
સાત સરગમાં તે જીવ પોહોતો,
પણ ઊંચો તે નહીં જાય... અલી...

આશાજી દસોંદ ન દીધી ને કિરિયા કીધી,
તે સતી હુઓ અપારજી,
દસોંદ કારણ ઊંચો નહી ચડીઓ,
તેને આવી દીદારની ખોટ... અલી....

આશાજી થૂલ દસોંદ દીઓ મોરા ભાઇ,
તો મૂળે મૂળ સમાણાજી,
પછે ધરમ વીરાભાઇ તમે કરજો,
તો ડાળેડાળ સમાય.... અલી...

આશાજી દસોંદ ન દેવે ગુરને ન માને,
તે નર કીયાં થકી પામેજી,
દસોંદ વિના તે ઉખડી જાશે,
તે જાશે ચોવીસ કરોડ માંહે .. અલી...

આશાજી છત્રીસ કરોડ પૂરા ધરમી,
શાહ ઇસ્લામશાહ ભેટયાજી,
દસોંદ કારણ જીવ ડોલાવ્યા,
તે ચાલ્યા ચોવીસ ઘોર અંધાર... અલી...

આશા જી દસોંદ દેવે સીદકે રહેવે,
હેરાન ન હોશે સોઇજી,
મારગ છોડી સો કબઇ ન જાશે,
દસોંદ મૂળ છે આપણું.... અલી....

આશાજી દસોંદ વિના દીન ન જાણો,
ફુલ સોહી ન ફુલેજી,
મૂળ સુકા તો ફુલ સરવે સુકા,
સુ કા ડા ળે ડા ળ.... અલી...

આશાજી સુકા ફુલ સો નહીં કુછ ભાવે,
તેનું મોઢું ફીટફીટ થાયેજી,
ખારા પાણી સરોવર કહીએ,
પીતા તરસ ન જાયે .. અલી....

આશાજી કુપાત્રે દાન ખારા જાણો,
દસોંદ વિના નહીં લેવેજી,
કલર માંહે જેમ મેહજ વરસે,
તેનું ધાન ન થાયે.... અલી...

આશાજી આલ ઇમામ ને પીર મુસલ્લે,
દાયેમ દસોંદ દેવેજી,
તબ સો પીર મુસલ્લે કહીએ,
જો કરે ન મન મોટાઇ.... અલી....

આશાજી પેલી આલ મુસલ્લે કહીએ,
જો દસોંદ નરકું દેવેજી,
અરજ બંદગીસું દસોંદજ દેવે.
દેવે આપોહી આપ... અલી...

આશાજી અરજ બંદગી કિરિયા કરે,
અને સીદકસું દસોંદ દેવેજી,
તબહી સતપંથી મોમન કીલાવે,
સોહી દીદારી આપ... અલી....

આશાજી પેલી દસોંદ પીરે આલી,
ત્યાંથી મુરીદે આલીજી,
અમારા વચન જે મુરીદ ન માને,
તે જાશે ઘોર અંધાર... અલી...

આશાજી દસોંદ પરમાણે સાચા ચાલો,
કરો કીરીઆ કમાઇજી,
કીરીઆ કરો તો મીઠા લાગો,
તો પામો અનંત મેવા... અલી....

આશાજી હમ તમ માંહે નહીં કુછ વિશ્વાસ,
જો હોશે કીરીઆ સારીજી,
દસોંદ દેતા જીવજ છુટે,
પહોંચે સરગ દુવાર... અલી....

આશાજી દસોંદ દેવે નીત નીત દેવે,
દાનપુન સોહીજી,
ભવસાગરના ફેરા છુટે,
જો દેવે દસોંદ દાન... અલી....

આશાજી ફુલ પાકે ફુલજ લેશે,
તે સતગુરજીકે હાથેજી,
એક ફુલના સવાલાખ લેશો,
લેશો શાહજીકે હાથે.... અલી...

આશાજી ફુલ લેવાને પૂરા આવે.
આવે તે શાહને હજુરજી,
જુગ દેખતાં ફુલજ આપશે,
આપશે તે આપોહી આપ.... અલી...

(૬૩)

આશાજી કલજુગ માંહે પાપ અતિં વરત્યા,
તે માંહે ધરમ રાખોજી,
એક દેશો તેના બહુ ફલ લેશો,
સહુથી ઉતમ કહેવાય... અવી...

## વિષય : ચૈયત

આશાજી કોલ કરાર ગુરજીસું કીધા,
અને કીધા તે હાથોઇ હાથ,
યાં થકી ગુરજી આપ સધાર્યા,
આવ્યા તે નરને પાસ.... અલી...

આશાજી અમે શાહજીકે હાટ વેચાણા,
મેરા નહીં કુછ ચાલેજી,
અમારા વચન જે જીવ માને,
તે હોશે સરગ દુવાર... અલી...

## વિષય : આબેશફા

આશાજી નવખંડ માંહે તમેજ રમેઆ,
અને રમેઆ તે સરવે સંસારજી,
કાઢી પાવલ ગુર મુખે લાવ્યા,
તેની બીજાને નહીં કાંઇ સુધ... અલી...

આશાજી પાવલ હાઇ ગુરસું બોલજ દીધા,
અને કીધા ત્યારે જાણુજી,
ગુરે લઇ કરી રિખીસરને દીધા,
રિખીસરે લઇને પીધા સોઇ... અલી...

આશાજી પાવલ પીને ગત માંહે આવો,
અને કરો ગુરનું ગિનાનજી,
ગુરનું ગિનાન જે ઓછું કરી જાણે,
તે જાશે નરગ દુવાર... અલી...

★ ★
★

# વિષય : મોમિન

આશાજી ઉત્તમ રિખીસરને ઘેર તે નારી આવશે,
અને દેશે અમીના કંચોલાજી,
પાછા વળી તેને આશિષ દેશે,
જે ધનધન રિખીસર અવતાર.... અલી....

આશાજી નૂર પ્યાલા નબીઉં દેશે,
રિખીસર ઊભા પીવેજી,
અમરત મેવા અનંત આવે,
સરવે રિખીસરને ઘર દેશે... અલી...

આશાજી અમરત મેવા રિખીસર માણે,
રિખીસર ઘેર વધાઇયુંજી,
નૂરાની ખુરાક તેને ઘેર આંગણે,
તે કરશે આપે અસ્વારી... અલી...

આશાજી મન વાંચીતા મેવા ખાશે,
અને માણે હુરા પચાસજી,
નબી ચલ કર આંગણે આવે,
ધન ધન રિખીસર અવતાર... અલી...

આશાજી નર સોના ગુર રૂપા,
હીરા રિખીસર જાણોજી,
મોતી લાલ ગિનાન પીછાણો,
તો જપો પીરશાહનો જાપ.... અલી....

આશાજી એવા જીવ થઈને ચાલ્યા,
હુવા દીનકે કામેજી,
જુગા જુગ તેઓના નામં લખાણા,
લીખાણા માંહે સંસાર... અલી...

આશાજી તે રિખીસરને ઘર હુઇ વધાઇ,
તેને ધરમે પાર ઉતાર્યાજી,
તેના ધરમ અમ થકી પાયા,
પાયા સતપંથ સાર... અલી....

આશાજી તે રિખીસર જેવા થઇને ચાલો,
તો પહોંચો સરગ દુવારજી,
તે જેવી કરણી કરશો,
તો પોચશો સરગ દુવાર.... અલી....

## વિષય : આમાલ

આશાજી પેટ કારણ પાપ કમાવે,
તે ભિઠ પઢયા અવતારજી,
આગલ જાતાં ખોટા પઢશે,
તે જાશે નરગ દુવાર... અલી...

આશાજી કેની માઇ ને કેનો બાપ,
કુટુંબ કેનું નહી ચાલેજી,
ઉતમ કરણી જીવની દીઠી,
તબ સો દીધા શાહજી દીદાર.... અલી...

આશાજી રિખીસરને ઘેર તે હુરાં આવે,
તે નીત નીત દુવાર માંહે કરશે રાજજી,
વરત લઇ ખુરાક જ આલે,
ધન ધન રિખીસર અવતાર.... અલી...

આશાજી સંત સભા તે રિખીસર ઘેર આવે,
તે આવે અણુત અખાડોજી,
કલજુગના રિખીસર ઉતમજ કહીએ,
જે આજ પાપ માંહેથી છુટા... અલી...

આશાજી ઉતમચંદની વાતજ કહીએ,
ઉતમ કોણ જીવ કહાવેજી,
કાયા કાચી પકાવીને ચાલો.
તો પહોંચો સરગ દુવાર... અલી...

આશાજી જીવણા થોડા પાપ ન કરીએ
કરો દાન કમાઇજી,
લોક કુટુંબ કોઇ સાથ ન આવે,
જે દેશો તે લેશો... અલી....

આશાજી જીવ અવતારે બહુ જીવ જાણો,
અને સરવેઇ જીવ એકજી,
જીવને દુઃખ જે જીવ દેશે,
તે સોહી જીવ આપહી લેવે.... અલી...

આશાજી શાહને દુવારે સરવે જીવ સરખા,
કોઇ હીણાં નહીં ખીણાજી,
જીવ જીવને પરખીને લેજો,
નહી તો લેશો અવતાર... અલી....

આશાજી પાણી પત્થર લક્કડ લોહો.
સરવે અલીજીએ સીરજયાજી,
જીનુંકી જેસી સુકરીત હોશે,
તીનકું તેસા અવતાર.... અલી....

આશાજી મારગ ચોખ્ખો મલી કરી ચાલો,
અંધેરો નથી લગારજી,
અંજવાલ માંહે જે અંધેરા કરશે,
તે જાશે નરગ દુવાર... અલી....

આશાજી હિંદુ મુસલમાન શાહજીના જીવડા,
કેની ભીરાંત ન કાઢોજી,
સહુ જીવ મલશે શાહજીને પાસે,
લેખા લેશે મારો શાહ... અલી....

આશાજી મોમન તે જે મનને મારે,
જાવે તે સરગ દુવારજી,
નમતા ખમતા ગુરજીસું રાખો,
તો પહોંચો સરગ દુવાર... અલી...

આશાજી દઇત દાણવ દુષ્ટે થાશે,
નારી શાહકે પાસજી,
કરણી કમાઇ પોતાની ખાશે,
લેશો હાથોહી હાથ.... અલી...

આશાજી કરણી કરશે ને જીવ ખાશે,
બીજો નહીં કોઇ આવેજી,
સેન દેખી પાછા વળશે,
જાશે અપણે દુવાર.... અલી...

આશાજી તોરણુ બાંધ્યા ત્યાંથી વળશે,
જાશે તે જંગલ જંજાળજી,
કોઇ ત્યાં વાત ન પૂછે,
હેશે એહી હેરાન... અલી...

આશાજી કરણી કરશે તે મેલા માંહે મળશે,
હોશે જય જય કારજી,
સરગ મરત પઇયારજ માંહે,
સાંખ હોશે નિરવાણુ... અલી...

આશાજી સરવ સરીખા સરવ મળશે,
મળશે શાહને દુવારેજી,
સાચી સુકરીત તે ફલ લેશે,
લેશે ઇમામને હાથ... અલી....

આશાજી કાયા રતન કચકું ગુમાવો,
મૂરખ કાંએ જનમ હરાવોજી,
જનમ તમારો એળે જાશે,
હાથ ન આવે કાંઇ... અલી...

આશાજી પાંચ ઇંદ્રી જેણે વશ રાખી,
પુરખ ઉતમ તેનું નમજી,
સહેજે તે જીવ વઇકુંઠ જાશે,
બેસશે હુરાંઓની જોડ... અલી ..

આશાજી કાચી ઇંદ્રી જે જીવ વારે,
તે અમ તણો અવતારજી,
આખર વેલા માંહે જે જીવ ભૂલા,
તે જાશે ઘોર અંધાર.... અલી....

આશાજી કલપ જુગના જીવડા,
બેઠા કરે છે આશિષજી,
ધન ધન કરણી રિખીસર તણી,
તે માંહે બેઠા નરઅલી નાથ... અલી....

આશાજી પિંડ થકી જો કાયા આવી,
કમાઈએ નરને પાયાજી.
કરો કમાઈ કરો હુશિયારી,
કરો મન આનંદ... અલી...

આશાજી ચેતી સગો તો ચેતીને ચાલો,
ધરો મન હુશિયારીજી.
કમાઈ તણા ફલ વીણીને લેશો,
જાશો સરગ દુવાર... અલી...

આશાજી ચંદન થાઓ તો ચેતીને ચાલો,
ઘસાવો દેહી આપણીજી,
ઘસંતે ઘસંતે સોરભ લાગે,
ઉતમ કમાઈ થાએ... અલી....

આશાજી ચાર પોહોર ચેતીને ચાલો,
રાતીઆ કરો હુશિયારીજી,
માણુક મોતી જોઇને લેજો,
કરો એહી વેપાર.... અલી....

આશાજી ચિત માંહે ચેતીને આપજ રાખો,
ગુરનર હય તેરી કાયા માંહેજી,
કાયા તેરી જો પિંઢ પકાવો,
તો હોશે ગુરનરને સાથ.... અલી...

આશાજી હીરા માણેક અપુરબ લાધા,
પરખો પરખણુહારજી.
શરીર વેચી તમે હીરા વણુજો,
તો પહોંચો ગુરનરને પાસ.... અલી...

આશાજી નીચ ઊંચ જીવડા સરવે,
સાહેબજીના જીવ કહેવાયજી,
ઉતમ કરણી જે જીવ કરશે,
ઉતમ તેઓને જાણુ.... અલી....

આશાજી ઉતમ કરણી નીચ હોશે,
પાપ એહી તોલે તમે દેખોજી,
તોલતા તોલતા શુધ્ધ તમને પહોંચશે,
નીચ પોતાને જાણુ... અલી...

(૭૪)

આશાજી સીરછત્ર શાહ આપે રચાવે,
ધરમીને હેઠ બેસાડેજી,
ધરમી જે કોઇ ધરમજ જાણે,
પાપ ન કરે લગાર.... અલી...

★ ● ★

## વિષય : દયા - મમતા

આશાજી ગરીબ અભિયાગત જોડજ કહીએ,
અને કહીએ તે અમારી જોડજી,
ગરીબ જાણી જે જીવ જમાડે,
તે પોહોંચે અમને આહાર.... અલી...

આશાજી ગરીબ માંહે રૂપ અમ તણું કહીએ,
અને કહીએ તે ગુરજીની જોડજી,
અનંત વિચારી જે ગરીબ જમાડે,
તે પોહોંચે અમને આહાર.... અલી....

## વિષય : શીલ-સંતોષ

આશાજી શીલ સંતોખી નારી કોઇ કોઇ હોશે,
હોશે કલ માંહે કોઈજી,
કલી માંહે સત કોઇ ન રાખે,
તે પેટ કારણુ ગમાવે... અલી...

આશાજી કલીકાર માંહે સતીઆ બોહોતજ કહાવે,
અને જે રાખે આપણું આપજી,
કલીકાર માંહે વાસોજ વસે,
સતે તે જીવ છુટે.... અલી...

આશાજી સત સતીઉંના બીબી રાખે,
જે હોશે અલીજીની નારજી,
ગિનાન વિચારી જે નારી ચાલે,
જે સાંભળે આપણે ધ્યાન.... અલી....

આશાજી કુટુંબ પરિવારની લાજ જ રાખે,
અને સાસુ સસરાને જાણેજી,
ઉનુંકો સત તે બીબી રાખે,
તે રાખે અલીજીની નાર... અલી...

આશાજી ચાર સતીઉં આગે થઈ ગઈયું,
અને ઉત્તમ તેના કામજી,
કુટુંબ પરિવારની લાજ જ રાખે,
તે હોશે સતીઉંની જોડ... અલી...

આશાજી નારીથી એ નર ઉપના,
અને ઉત્તમ હોએ નારીજી,
ગિનાન વિચારી જે નરકું આરાધે,
તે પચાસ માંહે શોભે સાર... અલી...

આશાજી પુરખ નારીનો એહ વિચાર,
જે રાખે આપણું શીલજી,
કાયા કાચી જે જીવ બગાડશે,
તે હુરાંનો નહીં શણગાર... અલી...

## વિષય : નિંદા

આશાજી અનુત ગિનાન વિચારી ચાલો,
ને કરો મન હુશિયારીજી,
હુશિયાર થઇ તમે અલીને આરાધો.
નિંદા મ કરો લગાર... અલી....

આશાજી નિંદા કરતા નરગી થશો,
રહેશો શાહથી દૂરજી,
અમારી તમારી કેની નહીં ચાલે,
ને નિંદાએ નરગ દુવાર.... અલી...

આશાજી પરનિંદાથી દૂરજ રહેજો,
ચેતી ચાલો જીવજી,
ઇસ નારીથી બહુ જીવ ભૂલા,
તે ગયા ઘોર અંધાર.... અલી...

આશાજી એ નારી સદા ધૂતારી,
જુગ કલપ માંહે જાણોજી,
ઇસ નારીકે વશ જે જીવ પડીઆ,
તે ખોઇ ગયા કમાઇ... અલી..

## વિષય : માયા

આશાજી માનખા અવતાર લઇને આવ્યા,
તે બહુ જીવ વિગોયાજી,
માયા કારણુ જીવ લોભાણો,
તે ફિરી ફિરી આવ્યો અવતાર... અલી...

આશાજી એક જીવ કારણુ બહુ અવતર્યા,
તે ભડ પડયો અવતારજી,
માણુક સરખી કાયા ગુમાવી,
પડયો તે નીચ અવતાર... અલી....

આશાજી સંસાર સીરજ્યા માયા વળગી,
જીવ લોભાણો ભૂલો જાયજી,
તીસ માંહે ગુર ગિનાનજ દીધા,
કાધા તમને જાણુ.... અલી...

આશાજી દુનિયા માંહે જીવ અવતર્યા,
તે માયામાં બંધાણા જીવ ભૂલા જાયજી,
પેટ કારણુ કૂડ કમાવે,
તે જાશે નરગ દુવાર... અલી...

આશાજી માયા નારી તે રૂપ અપારી,
જે જાણો શકિત રૂપેજી,
તીસ નારીકે સંગ જે જીવ ભૂલા,
તે પડીઆ મોટે ફેર.... અલી....

આશાજી સંસાર માયા કઠવી જાણો,
પરનારીથી દૂરજ રહેણાજી,
ગાંગીઆ સરીખે તોબા કીધી,
ત નહીં પોતા શાહને દુવાર.... અલી....

આશાજી એ નારી કારણ હુરા ગમાવે,
રહેવે એકલો તીયાંજી,
એ મેવા માલ સરવે જાશે.
જાશે ઘોર અંધાર.... અલી....

આશાજી દુનિયા કારણ દીન ગમાવે,
મૂરખ ન ચેતે લોકાજી,
સરગ તણા તો મેવા ગમાવે,
અને ગમાવે અમારો દીદાર... અલી...

આશાજી રાતે સુક દિન ધંધે પડયા,
દુનિયા સરવે સારીજી,
પડદે બેઠા શાહ સહુને જાણે,
કરો મન હુશિયાર.... અલી....

## વિષય : કલજુગ

આશાજી કલજુગ માંહે બહુ પાંખડ વાપેઆ,
તીસ માંહે હોએસે નીવેડાજી,
કલ માંહે કાયમ દાણવ સંઘારસે,
તીસ સીર એહી અખાડા... અલી....

આશાજી કલજુગ માંહે બહુ પાખંડ વાપેઆ,
સતી કોઇ વીરલા હોએસેજી,
દંઇત દાણવ તપ કરી આવીઆ,
તે કરોધ મુખે ખોઇ જાએ.... અલી....

આશાજી કલજુગ માંહે અઘોર પાપ વરતિયા,
તીસ માંહે આપકું રાખોજી,
જો જાણો નવસા ભેદું,
તો ગિનાન વિચારીને ચાલો.... અલી....

આશાજી કલજુગ માંહે એવી છાસજ ઉપની,
તે માંહે માખણ કોણ નાંખેજી,
અમે સીંચતા સીંચતા થાકીજ રહ્યા,
પણ મોમનના મન કઠણ... અલી...

આશાજી તમ કારણુ મેં અવતારજ લીધા,
છેલી સંધ માંહે જાણોજી.
છેલી વેલા માંહે ચેતીને ચાલો,
તો પોહોંચો સરગ દુવાર.... અલી...

આશાજી કલજુગના જીવડા બહુ છે મોટા,
તે સામું ન જોવાયજી,
જુગા જુગથી કલજુગ નાનો,
તે માંહે પાપ અપાર... અલી....

આશાજી કલજુગ માંહે જે જીવ સીધા,
તે જીવ સઉથી મોટાજી,
છતર હેઠ સહુ કોઇ બેસે,
જોએસે શાહજીનો સેન.... અલી ..

આશાજી કલજુગના જીવને કાઢી ચીઠ્ઠી,
મોઢા પર તે રહેશેજી,
અમારી મોહોર એહીજ જાણો,
સતગુર શાહ ઇસ્લામશાહ... અલી....

આશાજી કલજુગ કૂડો સહુ પાખંડે રાચે,
અંધલે જનમ ગમાયાજી,
નીચી પ્રાંતે તે જીવ ચાલે,
જે નહીં વિચારે ગિનાન.... અલી...

આશાજી સીધા તે જીવ વાટ જુવે છે,
હજી ન હુઈ અસવારીજી,
કલજુગના મોમન મોટા કહેવાયસે,
અગવા તે જીવ ચાલે... અલી...

## વિષય : અહંકાર

આશાજી બાર કરોડના ભરણુ ભરાવિયા,
સોહી ગુર તમ ઘેર આયાજી,
મન માંહે કછુક મોટાઇ આણી,
તો આણી લોઢાની ભીંત... અલી....

આશાજી તીલ અહંકાર ઘણુંજ કીધા,
કીધા તે લોઢાની ભીંતજી,
તારે આગલ એટલું નહીં ચાલે,
જે કીધી લોઢાની ભીંત.... અલી...

આશાજી હમ કારણુ ગુરજી ઇયાંજ બેઠા,
તે છ માસ છ દિનજી,
અરજ બંદગી ગુરે એવીજ કીધી,
તબ હુઇ શાહની મહેરબાની... અલી....

આશાજી પૂરી કીરીઆ ધરમજ ગીરીઆ,
સિફવો સોહી નરજી,
અહુંકારે વાદે કોઇ નહીં તરીઆ,
પીર પયગમ્બર સોહી.... અલી....

આશાજી તીલ એક અહંકાર કાજે,
આવી લોહાની ભીંતજી,
છ માસ લગણ જબ ગુરે તોહોકજ પહેર્યાં,
તારે હુઆ દીન રહેમાન... અલી....

# વિષય : આગાહી

આશાજી રિખીસરને ઘેર વાધામણા હોએસે,
હોએસે જંપુદિપ માંહેજી,
સાબરમતી નદી પુરજ વહેસે,
અને વહેસે ત લોહીની ધાર.... અલી...

આશાજી અનેક કટક નદીએ મીલસે,
મીલસે તે બહુ અપારજી,
રખી મુનિવર સરવે મિલસે,
અને મીલસે તે જંપુદિપ માંહે... અલી...

આશાજી પાખંડી જીવ તો અનંત મીલસે,
મીલસે તે દંઇતની જોડજી,
કોઇ કેને ઓલખી ન જાણે,
ઠ ર સે સ્રિ રે વા સા ર... અલી...

આશાજી દંઇત દાણુવ કરીને લુટસે,
એ સા વે દ ચ લા વે જી,
આપે અલ્લાહ આપ કીલાવે,
ત્તારે રિખીસરના મન ફેરાવે.... અલી...

આશાજી દાડે પોતે દલ ઉલટસે,
તે માંહે કોઇ કોઇ હોએસેજી,
દલ દેખી જે જીવ સતજ મેલસે,
તે જાસે દંઇતને ઘેર.... અલી...

આશાજી બાદર નદી પાસે દલ બે પડસે,
ને ફરતી ખાઇ ખોદાસેજી,
પરબત ડુંગર ઊડી ઊડી જાએસે,
પાણી ફૂટી જાએસે પાતાલ... અલી...

આશાજી એવી વેલા દોએલી આવસે,
તારે દાણો પુડીએ વેચાસેજી,
તે વેલા માંહે સતજ રાખે,
રાખે સોહી ત્રિભોવર સામી... અલી...

આશાજી ઠામો ઠામથી ફોજ જ ચાલે,
ને ચાલે તે બહુ જીવજી,
અનંત અખાડા તીસ દિન હોએસે,
હોએસે તે હલહલકાર... અલી...

આશાજી અનંત મેલા ઇયાંજ મલસે,
અને અંનતે અંનત મલસેજી,
તે માંહે મોટા પીર પયગમ્બર આવે,
પીર શામસુદીન નિરવાણ.. અલી....

આશાજી અસાએબા એંસી લાખજ મલસે,
મલસે તે કરોડા કરોડજી.
તબલ ધંધામાં ભેરિયું વાજસે,
વાજસે તે વાજંત્ર ઘણેરા.... અલી...

આશાજી સાહેબજીનું સેન ચડસે,
અને હોએસે તે હલહલકારજી,
વીજળી વરાડે ફીર ફીર ફેરા,
બેસસે શાહ સરદાર... અલી...

આશાજી અલી શાહ કેરો સેન વખાણો,
અનંત કરોડ જીવ સાથેજી,
મારી દાણવ શાહ દૂર કરેસે,
વાજે તબલ નિશાન... અલી....

આશાજી હૂરાંઉ કેરો સેન વખાણું,
પૂરબ દિસ પિયાણાજી.
ફૂરમાની વર તેને દેસે,
હોએસે તે તેને ઘરની નાર.... અલી....

આશાજી વર રાજા વર તખતેજ બેસે,
વિસવ કુંવારી પરણેજી,
તે માંહે તમે મુનિવર મિલસો,
મિલસો સેનજ માંહે... અલી...

આશાજી ભૂંગડા તુરી સેર સુરણાઇઉં,
સે ને સે ન બ જા વે જી,
તાલ તંબોડા બહુતેરા વાજે,
વા જે ચો રી પા સ.... અલી...

આશાજી મોતી કેરા તોરણ બંધાએસે,
હી રે પા ર બં ધા એ સે જી.
સોના રૂપાના થંભ ચીતરાએસે.
એવી સરવે રચના થાએ.... અલી...

આશાજી ચોધાર એક પાર બંધાએસે,
સો બાંધસે હુરા હુરજી,
રાતો ઉજાળો રંગ રાખસે,
ક ર શે સા મ સા ર....અલી....

આશાજી નીલી પીલી સનેઆ બાંધે,
કું ગ રા કે રી પા ર જી,
ચોકી ઉપર તેજજ સોહીએ,
સો હી એ ત્યાં જ સા ર.... અલી....

આશાજી એસી જોત શાહા જગાવે,
ચો રી ઉ પ ર જા ણો જી,
કલપ જુગના જીવડા મિલસે,
હો એ સે જે જે કા ર... અલી...

## વિષય : ગુમરાહી

આશાજી જનમ ખોટા તે જીવ કહીએ,
જે ગિનાન વિચારી નહીં ચાલેજી,
તે જીવ માનખા જનમજ હોશે,
પણ હોશે તે ઢોર પરમાણુ.... અલી...

આશાજી કાયર થઇને જે નર ચાલે,
તે રહેશે ઘોર અંધારેજી,
મારગ જાણો તો જોત પીછાણો,
ધરો મન હુશિયારી.... અલી...

## વિષય : કયામત-આખરત

આશાજી કપુર માંહે રહી વસવા વર દેસે,
વસત તમને મલસેજી,
સરવે જીવના તીસ દિન નીવેડા થાએસે,
કમાઇ કમાઇ ફલ લેસે.... અલી....

આશાજી તબલ ધધામાં ભેરિયું વાજે,
વાજે તે વાજંતર ઘણેરાજી,
સરગ મરત પઇયારજ કંપે,
સરવણે પડસે આવાજ... અલી...

આશાજી સવા લાખ વરસ રિખીસર રાજ કરેસે,
પછે માહાદન મંઢાવેજી,
ખરા ખોટાના પારખા થાએસે,
થાએસે તે એણે ઠામ... અલી...

આશાજી હીણા ખીણા રાજ માંહે આવે,
તે પીર હસન કબીરદીન સાથેજી,
સવા લાખ વરસ રિખીસર રાજ કરશે,
પછી તે કોઇ નહી આવે.... અલી....

આશાજી રતન જુગ સરવે વરતીને ચાલસે,
પછે મહાદનનું દિન થાએસેજી,
તીસ વેલા માંહે કોઇ નહીં તારે,
ધરમ ઉતારે પાર.... અલી...

આશાજી તખતે બેઠા કોઇ કોઇ જાણે,
જેણે જીવે ઇયાં ચેત્યાજી,
મીઝાન તોલ્યાનું જારે ઠામજ હોશે,
હોશે તે એણે ઠામ... અલી....

આશાજી સરવે જીવના લેખા થાશે,
થાશે તે જંપુદિપ માંહેજી,
જે જીવ ખોટા તીસ દિન હોશે,
હોશે તે નરગ દુવાર... અલી...

આશાજી કાએમ કાજી રૂપ ધરશે,
તીસ દિન કેનું નહીં ચાલેજી,
આપે રાજા આપે વઝીર હોશે,
હોશે તે આપોઇઆપ.... અલી...

આશાજી જુગ કલપના જીવડા મળશે,
મળશે જંપુદિપ માંહેજી,
અદલ ફીરોઇ ફિરસ્તા આવે,
તે તો કરશે અદલ ન્યાય... અલી....

આશાજી મારી પાપી જાલદ દૂર કરશે,
કરશે નરજી સો હી જી,
પાપી સીર ત્યાં ગુનાહ પડશે.
રોશે ત આત અપાર... અલી....

આશાજી હાથ પગ પાપીના વાઢી લેશે,
તે પડશે ઊંધે માથેજી,
તીસ દિન તેવી વેલા થાશે,
જે મહેર ન થાશે લગાર.... અલી...

આશાજી પાપી જીવડા પરલે પડશે,
પડશે તે ઘોર અંધારજી,
માનખા જનમ તે જીવ હાર્યો,
જેમ અધૂરો ઇંડો જાણુ.... અલી....

આશાજી જુગાજુગ જે જીવ ખોટા પડશે,
તે પડશે ઘોર અંધારેજી,
સતપંથ માંહે જે સાચા નહીં ચાલે,
તે પડશે ઘોર અંધાર... અલી...

આશાજી વેતરણી નદી જે જીવ ઉતરી જાશે,
પણ ઉતરે તે વીરલા કોઇજ,
આગલ જાતાં રોકાઇ રહેશે,
ઉતરે તે વીરલા કોઇ.... અલી....

આશાજી સરગ દ્વાએલો કોઇ કોઇ પોહોંચે,
અને નરગ દુવારે જીવ બહેતજી,
નરગ માંહે જીવ બહુ દુ:ખ ભોગવે,
પડશે ઘોર અંધાર... અલી...

આશાજી મહાદિન અમે નજરે ન દેખું,
એ અમે મન પતીણાજી,
કરણી કમાઇ જેની પૂરી હોશે,
તે જીવ બેસસે શાહજીકે પાસ.... અલી...

આશાજી અણગણ્યા ત્યાં દલ મલશે.
મલશે શાહને દુવારજી,
સહુ કોઇ આપણી આપણી કરશે,
ગુર કરે નરની શ્રેવા.... અલી...

આશાજી સહુને હાથે માણુક મોતી,
ઝલકે હીરા અપારજી,
સોના કેરી કાયા ઝલકે,
હોશે અમરત વાણી.... અલી...

## વિષય : જન્નત

આશાજી પચાસ હુરા નૂરાની આવે,
એક આવે અરધ અંગનીજી,
એકઠા બેસીને આપજ ખેલે,
ખેલે તે ખેલણહાર.... અલી....

આશાજી અરધ અંગની તે નારી આવે,
જે હોવે શીલ સંતોખીજી,
તે નારી પચાસ માંહે શોભે,
શોભે આપ શણગાર.... અલી...

આશાજી હીરા માણેક તે નારી પામે,
તખત કેરો શણગારજી,
પચાસ હુરા તેના કહયા માંહે બેસે,
કરશે આપે રાજ... અલી...

આશાજી પાંચસો કુંવર તેની પાસે રમશે,
અને રમશે ચોધારજી,
હુરૂ પચાસ બીડાં દેશે,
લેવે તખતની નાર.... અલી...

આશાજી ઉતમ ભરથાર તેના કહીએ,
જે બેઠા તેની જોડજી,
હુકમી ફિરસ્તા ઊભે તેની જોડ,
ઊભા કરે સલામ... અલી....

આશાજી સાંભળો નારી ગુરજી કહે છે,
જુઓ જુઓ અણુત વિચારીજી,
અણુત વિચારી જે જીવ ચાલે,
તે બેસશે હુરાની જોડ... અલી....

આશાજી સરગ ભમણુ માંહે ગુરને હુરૂં,
રહેશે અંત રલીઆતજી,
નૂરની કાયા મોમનની હોશે,
હોશે તેણે દિન... અલી ..

## વિષય : શરાબ - તમાકુ

આશાજી ઇમાન સલામત શાહકું એવો,
હરામ તમાકુ વારો જી,
શેતાન શરાબથી દૂરજ રહેજો,
તો પોહોંચો શાહને દુવાર.... અલી ..

પ્રકાશક :

ઇસમાઈલીઆ એસોસીએશન
ફોર ઇન્ડિયા વતી,

ઓન. સેક્રેટરી,

સદરૂદીન જુમ્મા શરીફ

કરીમઆબાદ, ઇમામવાડા રોડ,
મુંબઇ–૪૦૦૦૦૯.

મુદ્રક :

ઓન. સેક્રેટરી,

સદરૂદીન જુમ્મા શરીફ

ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ,
શયદા માર્ગ, મુંબઇ–૪૦૦ ૦૦૯.

૨૫ મી નવેમ્બર ૧૯૭૮

પ્રત : ૫૦૦૦

હદિયો : રૂા. ૨–૫૦ પૈસા

સર્વ હક્ક સ્વાધીન